पावरग्रिड
POWERGRID

पावर ग्रिड कॉर्पोरेशन ऑफ इंडिया लिमिटेड
(भारत सरकार का उद्यम)
POWER GRID CORPORATION OF INDIA LIMITED
(A Government of India Enterprise)

प..क्षे-.II/लोक सूचना/2021/00488 दिनांक : 04/01/2021

सेवा में,
श्री अब्दुल अज़ीज़ शेख
लूथरा डाइंग एंड प्रिंटिंग,
252/2, GIDC, पांडेसरा,
सूरत – 394 221, गुजरात.

विषय : सूचना का अधिकार अधिनियम 2005 के अंतर्गत मांगी गयी जानकारी के संबंध में ।

महोदय,

सूचना के अधिकार अधिनियम 2005 के तहत आपके द्वारा प्रेषित पत्र, इस कार्यालय में के.लो.सू. के द्वारा दिनांक 25/11/2020 को प्राप्त हुआ है। आवेदन पत्र में मांगी गयी जानकारी इस पत्र के साथ संलग्न प्रेषित है।

यदि आप केंद्रीय लोक सूचना अधिकारी के उत्तर से संतुष्ट न हों तो, CPIO के उत्तर की प्राप्ति के 30 दिनों के भीतर अपीलिय अधिकारी के सम्मुख अपील कर सकते हैं । आरटीआई अधिनियम, 2005 के तहत अपीलिय अधिकारी का नाम और पता निम्मानुसार है ।

श्री शंकर दत्त जोशी, अपीलीय अधिकारी,
पावर ग्रिड कार्पोरेशन आफ इंडिया लिमिटेड,
प्लाट न-.54, अम्बे विद्यालय के सामने, समा-सावली रोड,
वडोदरा – 390 024 (गुजरात).

धन्यवाद सहित,

अभिनव वर्मा 4/1/21
केन्द्रीय लोक सूचना अधिकारी
पश्चिम क्षेत्र – II, वडोदरा

संलग्न : यथोपारि

**प्रतिलिपि: -**

1. कार्यपालक निदेशक (प.क्षे-.II), वड़ोदरा – सादर सूचनार्थ
2. महाप्रबंधक (सतर्कता), प.क्षे.- II

क्षेत्रीय मुख्यालय प्लाट सं.54,रिया रेवती रिसोर्ट के पास,अम्बे विद्यालय के सामने समां सावली रोड, वडोदरा–390008(गुजरात)
RHQ/ Plot No.54, Adjacent to Riya-Revati Resort, Opp Ambe Vidhyalaya, Sama Savli Road Vadodara – 390008(Gujarat)
averma@powergridindia.com
केन्द्रीय कार्यालय: "सौदामिनी", प्लॉट नंबर 2, सेक्टर -29, गुरुग्राम -122001, (हरियाणा) दूरभाष: 0124-2571700-719
Corporate Office: "Saudamini", Plot No. 2, Sector-29, Gurugram-122001, (Haryana) Tel.: 0124-2571700-719
पंजीकृत कार्यालय: बी -9, कुतुब इंस्टीट्यूशनल एरिया, कटवारिया सराय, नई दिल्ली -110 016. दूरभाष: 011-26560112, 26560121, 26564812, 26564892, CIN: L40101DL1989GOI038121
Registered Office: B-9, Qutab Institutional Area, Katwaria Sarai, New Delhi-110 016. Tel: 011-26560112, 26560121, 26564812, 26564892, CIN : L40101DL1989GOI038121
Website: www.powergridindia.com

श्री अब्दुल अज़ीज़ शेख की आरटीआई अर्जी, पॉवर ग्रिड कॉर्पोरेशन ऑफ इंडिया लिमिटेड द्वारा 220 के.वी. नवसारी – भेस्तान टी/एल के निर्माण कार्य से संबन्धित मांगी गयी जानकारी के संदर्भ में,

❖ बिंदुवार उत्तर नीचे दिया गया है ;

1. Transmission map of Village Makhinga and Taraj :
   220kV D/C नवसारी – भेस्तान टीएल, पॉवर ग्रिड की एक महत्वपूर्ण स्थापना (Vital Establishment) की जा रही है और इसके रूट मॅप के प्रकटीकरण से राष्ट्रीय संपत्ति एवं तैनात कर्मचारियों की जीवन या शारीरिक सुरक्षा खतरे में पड़ सकती है । इसलिए मांगी गई जानकारी आरटीआई अधिनियम 2005 की धारा 8 (1) (g) के अनुसार साझा नहीं की जा सकती है ।

2. Village map of Makhinga with Block nos. & Sr. nos. :
   मांगी गई जानकारी आरटीआई अधिनियम 2005 की धारा 8 (1) (g) के अनुसार साझा नहीं की जा सकती है ।

3. Transmission Poll Co-coordinator for village Makhinga and Taraj :
   220kV D/C नवसारी – भेस्तान के निर्माण का कार्य पावर ग्रिड के नवसारी कार्यालय की देखरेख में किया जा रहा है ।

4. Approval letter from Government (Central & State Government) :
   220kV D/C नवसारी – भेस्तान टीएल के लिए केंद्रीय सरकार से स्वीकृति पत्र की प्रति **अनुलग्नक-A** के रूप में संलग्न है ।

5. Compensation to effected owner :
   पावर ग्रिड कॉर्पोरेशन ऑफ इंडिया लिमिटेड द्वारा बिजली लाइन के काम के लिए मार्ग, बिजली के खंभे, बिजली के तार की मीटर अनुसार और फसल क्षतिपूर्ति की लागत आदि के संबंध में ;

   उपर्युक्त क्षतिपूर्ति का भुगतान भारतीय टेलीग्राफ अधिनियम -1885 और भारतीय विद्युत अधिनियम -2003 में किए गए प्रावधान के अनुसार किया जाएगा । पारेषण लाइन के निर्माण में होने वाली फसल / वृक्षों की क्षतिपूर्ति का भुगतान राजस्व अधिकारी द्वारा सत्यापन उपरांत किया जाता है । इसके अतिरिक्त पारेषण लाइन के नीचे प्रभावित होने वाली जमीन के अवमूल्यन का निर्धारण, गुजरात सरकार, ऊर्जा और पेट्रोकेमिकल विभाग के रिज़ॉल्यूशन नंबर: જીઇટી-11-2015-જીઓઆઈ-199-ક दिनांक 14 अगस्त 2017 (प्रतिलिपि संलग्न) के अनुरूप होगा।

अभिनव
4/1/21

अनुलग्नक - A

No. 15/3/2018-Trans-Pt(2)
Government of India
Ministry of Power
Shram Shakti Bhawan, Rafi Marg, New Delhi - 110001

Dated, 15th January, 2020

**OFFICE MEMORANDUM**

Subject: New Transmission schemes to be taken up under compressed time schedule through regulated tariff mechanism (RTM) route.

The undersigned is directed to inform that Hon'ble MoSP(IC) has approved the implementation of following transmission schemes by Power Grid Corporation of India Limited (POWERGRID), under regulated tariff mechanism (RTM), on the recommendation of the 4th, 5th & 6th meetings of the National Committee on Transmission (ECT), held on 31.7.2019, 21.8.2019 and 30.9.2019 respectively:

| S. No. | Name of Scheme |
|---|---|
| 1. | Conversion of 80 MVAr fixed line reactor at Boisar end of Aurangabad- Boisar 400 kV D/c line to switchable line reactor alongwith NGR bypass arrangement |
| 2. | Connectivity system for NTPC Lara STPP 2x800MW Stage-II generation project |
| 3. | Navsari (PG) - Bhestan/Popada (GETCO) 220 kV D/C line |
| 4. | Transmission system for controlling high Short Circuit Current level at 765/400 kV Thiruvalam S/s |
| 5. | Transmission system for controlling High loading of Nellore - Nellore PS 400 kV (Quad) D/c line |
| 6. | North Eastern Region Strengthening Scheme-X (NERSS-X) |
| 7. | Transmission scheme for controlling high loading and high short circuit level at Moga substation |
| 8. | Construction of 2 nos. of 400 kV bays under ISTS at 765/400 kV PGCIL substation, Varanasi: |
| 9. | Additional 1x500 MVA, 400/220kV (4th) transformer at Balachak under ISTS. |
| 10. | 220 kV Two Feeder bays at Saharanpur (400) PGCIL |
| 11. | Augmentation of transformation capacity at Muzaffarpur (POWERGRID) S/s |
| 12. | Additional 400kV connectivity at 400/220/132kV Saharsa (new) 400/220/132kV S/s |
| 13. | Bypassing of 400kV lines to limit fault current level at Farakka (NTPC) |

Detailed scope of works for the above schemes, as recommended by NCT, is at **Annexure**.

2. It is requested that necessary action may be taken accordingly.

3. This issues with the approval of Competent Authority.

(Bihari Lal)
Under Secretary (Trans)
Telefax: 23325242
Email: transdesk-mop@nic.in

To,

Member (PS),
Central Electricity Authority
Sewa Bhawan, R.K. Puram, New Delhi-110066

Copy forwarded to:CMD, PGCIL, Gurugram, for information and necessary action.

ટ્રાન્સમિશન લાઇન/ટ્રાન્સમિશન ટાવર ઊભા કરતી વખતે જમીન/પાક/ ફળાવ/ઝાડને થયેલ નુકશાનના વળતર અંગેની માર્ગદર્શિકા બનાવવા બાબત

ગુજરાત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
ઠરાવ ક્રમાંક:જીઇટી-૧૧-૨૦૧૫-જીઓઆઇ-૧૯૯-ક
સચિવાલય, ગાંધીનગર.
તા. 14 AUG 2017

**પ્રસ્તાવના:**

ભારતીય વિદ્યુત અધિનિયમ, ૨૦૦૩ની કલમ-૧૬૪ તથા ભારતીય ટેલિગ્રાફ અધિનિયમ, ૧૮૮૫ની કલમ- ૧૦(ડ) અનુસાર ગુજરાત સરકારના તા.૨૯.૦૫.૨૦૦૪ના જાહેરનામા ક્રમાંક: જીએચયુ-૨૦૦૪-જીઇબી-૧૧૦૪-૨૯૬૪-કથી ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ (GETCO)ને રાજયની વીજ પ્રવહન ઉપયોગિતા(સ્ટેટ ટ્રાન્સમિશન યુટિલીટી) તરીકે જાહેર કરવામાં આવતાં, રાજયમાં વીજ પ્રવહન માટે ટ્રાન્સમિશન ટાવર અને લાઇન ઊભી કરવા માટેના અધિકાર GETCOને પ્રાપ્ત થયેલ છે.

આ અન્વયે, વિદ્યુત અધિનિયમ-૨૦૦૩ ની કલમ-૬૭ અને કલમ-૬૮ની જોગવાઇઓ સાથે ભારતીય ટેલિગ્રાફ એક્ટ, ૧૮૮૫ ની કલમ-૧૦ અને કલમ-૧૬માં થયેલ જોગવાઇ મુજબ, વ્યાખ્યાયિત "નુકશાન" માટે અસરગ્રસ્ત વ્યક્તિઓને(ખેડૂતમિત્રો/જંમીનમાલિકોને) તેઓની જમીન-પાક-ઝાડ-ફળાવને થયેલ નુકશાન પેટે વળતર આપવાની જોગવાઈ છે.

તદનુસાર, સ્ટેટ ટ્રાન્સમિશન યુટિલિટી, સેન્ટ્રલ ટ્રાન્સમિશન યુટિલિટી, વિવિધ ખાનગી ટ્રાન્સમિશન કંપની અને ટ્રાન્સમિશન લાયસન્સીઓ દ્વારા નવી ટ્રાન્સમિશન લાઇનોના નિર્માણ અને હાલની ટ્રાન્સમિશન લાઇનની જાળવણી અને મરામત કરવામાં આવે છે. તદઉપરાંત, ટ્રાન્સમિશન યુટિલીટીઓ દ્વારા ટ્રાન્સમિશન ટાવર પણ ઉભાં કરવામાં આવે છે. આવી કામગીરી કરતી વખતે ખેડૂતમિત્રો/જમીનમાલિકોની જમીન ઉપર ઉભેલા પાક-ઝાડ-ફળાવને થયેલ નુકશાન પેટે, વિદ્યુત અધિનિયમ, ૨૦૦૩ની જોગવાઇઓને અંધીન જરૂરી વળતર ચૂકવવામાં આવે છે.

પરંતુ, કેટલાંક કિસ્સાઓમાં, ભારત સરકાર તેમજ રાજય સરકારના ધ્યાને આવેલ છે કે, ખેડૂતો અને જમીન માલિકો દ્વારા ટ્રાન્સમિશન લાઇનઓના નિર્માણ અને હાલની ટ્રાન્સમિશન લાઇનોના મજબૂતીકરણ કે સમારકામ કરવાના કાર્યો હાથ ધરતી વખતે તેમજ તે અંતર્ગત ચૂકવવામાં આવતાં વળતર સામે વિરોધ વ્યકત કરવામાં આવે છે. વળી, ચૂકવવામાં આવતાં વળતરની રકમ ઓછી હોવાની અવારનવારની રજુઆતો/માંગણીઓ પણ ખેડૂતોમિત્રો/જમીન માલિકો તરફથી મળતી હોવાના કિસ્સા ધ્યાને આવેલ છે. વધુ વળતરની માંગણી સાથે ખેડૂતો/જમીન માલિકો દ્વારા નામ. હાઇકોર્ટમાં પીટીશન પણ દાખલ કરવામાં આવે છે. પરિણામે, કેટલાક પ્રસંગોએ વીજ પ્રવહન

માટે જરૂરી એવું નેટવર્ક પ્રસ્થાપિત કરવામાં વિલંબ થાય છે, જે વીજ પુરવઠો પૂરો પાડવા અંગેની આવશ્યક સેવામાં વિક્ષેપરૂપ જણાયેલ છે.

તદ્નુસાર, નામ. ગુજરાત હાઇકોર્ટમાં દાખલ થયેલ એક ખાસ દિવાની અરજી નં.૧૮૩૩૪/૨૦૧૧ માં નામ. હાઇકોર્ટે તા.૨૯.૮.૨૦૧૩ ના હુકમથી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને ટ્રાન્સમિશન લાઇન ઊભી કરતી વખતે પાક/જમીનને થયેલ નુકશાનના વળતર અંગેની માર્ગદર્શિકા બનાવી, તે અંગેનો અહેવાલ નામ. હાઇકોર્ટ સમક્ષ રજૂ કરવાના આદેશો આપેલ. દરમ્યાનમાં, ભારત સરકારના ઉર્જા મંત્રાલય દ્વારા ટ્રાન્સમિશન લાઇન ઊભી કરતી વખતે, જે તે ખેડૂતમિત્ર/જમીનમાલિકની જમીન-પાક-ઝાડ-ફળાવ વગેરેને થયેલ નુકશાન પેટે વળતર ચૂકવવા અંગે માર્ગદર્શિકા બનાવાયેલ અને જમીન સંપાદનનો વિષય રાજ્ય સરકાર હસ્તકનો હોઇ, રાજ્ય સરકારોને ઉક્ત માર્ગદર્શિકા અપનાવવાનો નિર્ણય લેવા તા.૧૫.૧૦.૨૦૧૫ના પત્રથી મોકલી આપેલ હતી. તદ્નુસાર, આ અંગે રાજ્ય સરકાર કક્ષાએ રચાયેલ ઉચ્ચ સ્તરીય સમિતિની ભલામણો મેળવવા સમિતિની એક બેઠક તા.૩.૨.૨૦૧૭ ના રોજ મળેલ હતી. જે અંતર્ગત ચૂકવવાના થતાં વળતર માટે નીચે મુજબના સમિતિના સભ્યો દ્વારા ગહન અને વિસ્તૃત ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવેલ હતી.:-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
(૨) મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ.
(૩) મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિ.
(૪) કૃષિ નિયામકશ્રી, ગાંધીનગર
(૫) સચિવશ્રી (જમીન સુધારણા), મહેસૂલ વિભાગ

સમિતિ દ્વારા ભારત સરકારની માર્ગદર્શિકામાં સૂચવાયા મુજબ વળતરમાં સુધારા-વધારા કરવાની બાબતને લગતા મુખ્ય મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા અને વિચારણા બાદ સમિતિએ વળતર ચૂકવવા સંબંધમાં કરેલ ભલામણો સરકારશ્રીની બહાલી મેળવવા માટે રજૂ કરાયેલ.

**<u>ઠરાવ:</u>**

તદ્નુસાર, આ બાબતે પુખ્ત વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે, રાજ્યમાં, ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિ.(સ્ટેટ ટ્રાન્સમિશન યુટિલીટી), સેન્ટ્રલ ટ્રાન્સમિશન યુટિલિટી, વિવિધ ખાનગી ટ્રાન્સમિશન કંપની અને ટ્રાન્સમિશન લાયસન્સી દ્વારા, વિદ્યુત અધિનિયમ, ૨૦૦૩ તથા ભારતીય ટેલિગ્રાફ એક્ટ, ૧૮૮૫ની જોગવાઇઓને અધીન, નવી ટ્રાન્સમિશન લાઇનોના સ્થાપન વખતે, વિદ્યુત અધિનિયમ, ૨૦૦૩ ની કલમ-૬૭ અને કલમ-૬૮માં તથા તેની સાથે ભારતીય ટેલિગ્રાફ એક્ટ, ૧૮૮૫ ની કલમ-૧૦ અને કલમ-૧૬ માં થયેલ જોગવાઇ મુજબ, વ્યાખ્યાયિત "નુકશાન" માટે અસરગ્રસ્ત વ્યક્તિઓને(ખેડૂતમિત્રો/જમીનમાલિકોને) તેઓની જમીનના મૂલ્યમાં ઘટાડા પેટે તેમજ

પાક-ઝાડ-ફળાવ પેટે થયેલ નુકશાન સામે નીચે મુજબ વળતર, પ્રસ્તુત ઠરાવના બીજા ફકરામાં દર્શાવેલ શરતોને અધીન, આપવાનું રહેશે:-

(૧) ટ્રાન્સમિશન ટાવર / માળખાના સ્થાપનને કારણે ટાવર આધારિત વિસ્તાર (ટાવરના ચાર પાયા વચ્ચેનો ભાગ) ની જમીનના મૂલ્યના ૮૫% જેટલું જમીનના નુકશાન પેટે વળતર ચૂકવવું અને આ માટે વળતરની ગણતરી કરતી વખતે, જમીનના મૂલ્યના મૂલ્યાંકન માટે, જ્યાં પણ જરૂરી હોય ત્યાં જે-તે સમયના અને સ્થળના સરકારશ્રીના પ્રવર્તમાન ઓન લાઇન જંત્રી દરો(ખેતી/બિન ખેતી મુજબના)ને માપદંડ તરીકે રાખી, ચૂકવવાના થતાં વળતરની ગણતરી આખરી કરવાની રહેશે.

(૨) RoW Corridor(Right of Way Corridor) (ટ્રાન્સમિશન લાઇનના રેષાઓની પહોળાઇ)ના કારણે જમીનના મૂલ્યમાં થતાં ઘટાડા અંગેના વળતર સંદર્ભમાં, RoW Corridor માટે, જમીનમાલિકની જમીન ઉપરથી પસાર થતાં પ્રવહન રેષાઓની પહોળાઇ તથા લંબાઇને અનુલક્ષીને, જમીનના મૂલ્યમાં થતાં ઘટાડાના નુકશાન પેટે, વળતર પેટે જમીનના મૂલ્યના ૭.૫% લેખે ચૂકવણું કરવાનું રહેશે. આ માટે વળતરની ગણતરી કરતી વખતે, જમીનના મૂલ્યના મૂલ્યાંકન માટે, જ્યાં પણ જરૂરી હોય ત્યાં જે-તે સમયના અને સ્થળના, સરકારશ્રીના પ્રવર્તમાન, ઓન લાઇન જંત્રી દરોને માપદંડ તરીકે રાખી, ચૂકવવાના થતાં વળતરની ગણતરી આખરી કરવાની રહેશે. વધુમાં, નીચે મુજબના ઝૂલતા (Swinging) વીજ રેષાનાં RoW Corridor (વીજ રેષાની પહોળાઇ) ધ્યાને લેવાના રહેશે:-

| Sr.No. | Transmission Voltage | Width of Right of Way Corridor |
|---|---|---|
| 1 | 66 KV | 18 Mtrs |
| 2 | 132 KV | 27 Mtrs |
| 3 | 200 KV | 35 Mtrs |
| 4 | 400 KV S/C | 46 Mtrs |
| 5 | 400 KV D/C | 46 Mtrs |
| 6 | +/- 500 KV HVDC | 52 Mtrs |
| 7 | 765 KV S/C (with delta configuration) | 67 Mtrs |
| 8 | 765 KV D/C | 67 Mtrs |
| 9 | +/-800 KV HVDC | 69 Mtrs |
| 10 | 1200 KV | 89 Mtrs |

(૩) પાક / ફળાવ / ઝાડના નુકશાન પેટે વળતર ચૂકવતી વખતે વળતરના મૂલ્યાંકન માટે Agriculture Produce Market Committee (APMC) એ નક્કી કરેલા દરો લાગુ પડશે

અને પાક / ફળાવ / ઝાડના વળતરની મૂલ્યાંકન કિંમત, સંબંધિત સરપંચ/તલાટી/ મામલતદાર અથવા સંબંધિત મહેસૂલ અધિકારીએ પ્રમાણિત કરેલ હોવી જોઇશે.

(૪) જમીન માલિકને ચૂકવવાપાત્ર 'નુકશાન' અંગેનું વળતર, નીચે જણાવ્યા પ્રમાણે ત્રણ તબક્કામાં મળવાપાત્ર થશે:-

(અ) ૪૦% રકમ ટ્રાન્સમિશન ટાવરના પાયાનુ કામ (Foundation) પુર્ણ થયા બાદ

(બ) ૪૦% રકમ ટ્રાન્સમિશન ટાવર પ્રસ્થાપિત (Tower Erection) થયા બાદ

(ક) ૨૦% રકમ ટ્રાન્સમિશન લાઇનના વાયરો ખેંચ્યા (conductor stringing) બાદ

૨. સદર ઠરાવની જોગવાઇઓનું અમલીકરણ નીચે જણાવેલ શરતોને અધીન રહેશે:-

(૧) જમીન/પાક/ફળાવ/ઝાડને થયેલ નુકશાન પેટે ચૂકવવાના થતું વળતર, ટ્રાન્સમિશન લાયસન્સી દ્વારા ચૂકવવામાં આવે તે સમયે સંબંધિત ખેડૂત/જમીન ધારક/વ્યક્તિની લેખિત બાહેધરી, આ ઠરાવ સાથે સામેલ **પરિશિષ્ટ – અ** મુજબ મેળવી લેવાની રહેશે.

(૨) પ્રસ્તુત ઠરાવની જોગવાઇઓ, નવી ૬૬ કે.વી. અને તેથી વધુ વીજભાર ધરાવતી ટ્રાન્સમિશન લાઇનના કામો, કે જેના ટેન્ડર આ ઠરાવ અમલી થયા બાદ પ્રસિદ્ધ કરેલ હશે તેના માટે જ લાગુ કરી શકાશે.'તદઉપરાંત, હયાત ટ્રાન્સમિશન લાઇનની જાળવણી અને મરામત કરવાના કામો માટે ઉકત ઠરાવની જોગવાઇઓ લાગુ પડશે નહિ પરંતુ, વિદ્યુત અધિનિયમ, ૨૦૦૩ માં નિર્દિષ્ટ પાક-ઝાડ-ફળાવ પેટે થયેલ નુકશાનનું વળતર આપવાનું રહેશે.

(૩) ૬૬ કે.વી. અને તેથી વધુ વીજભાર ધરાવતી ટ્રાન્સમિશન લાઇન જેના કામ પ્રગતિમાં છે, તે કામ માટે 'નુકશાન' પેટે વળતર, વિદ્યુત અધિનિયમ, ૨૦૦૩ ની જોગવાઇઓને અધીન કરવાનું રહેશે. અર્થાત્, પ્રગતિમાં હોય તેવા કામો માટે આ ઠરાવની જોગવાઇઓ લાગુ પડશે નહિ.

(૪) જમીનના નુકશાન માટે વળતરની ગણતરી કરતી વખતે, જો કોઇ સ્થળ માટે ઓન લાઇન જંત્રી દર ઉપલબ્ધ ન હોય તેવા સંજોગોમાં જમીનનું મૂલ્યાંકન સંબંધિત સક્ષમ મહેસૂલ સત્તાઅધિકારીએ પ્રમાણિત કરેલ હોવું જોઇશે.

(૫) જમીન માલિકી ૭/૧૨ ના ઉતારાના આધારે ધ્યાને લેવાની રહેશે. જો કોઇ સજોગોમાં ૭/૧૨ ના ઉતારામાં એક કરતાં વધારે ખાતેદારોના નામ હશે તો બાકીના ખાતેદારોએ કોઈ એક ખાતેદારને નુકશાનીના વળતરની ચૂકવણી કરવા માટે, ઠરાવ સાથે સામેલ <u>પરિશિષ્ટ-બ</u> મુજબના નિયત નમૂનામાં <u>સંમતિ</u> આપેલ હોવી જોઇશે.

(૬) જો કોઇ જમીન માલિક ને ઉકત ઠરાવ મુજબ તેમજ ૭/૧૨ ના ઉતારા પ્રમાણે 'નુકશાની' નુ વળતર ચૂકવાઇ ગયા બાદ જમીન માલિકનું નામ બદલાશે તો નવા જમીન ધારક/જમીન માલિકને 'નુકશાની'નું વળતર પુનઃ ચૂકવવાપાત્ર ઠરશે નહિ.

(૭) જો ટ્રાન્સમિશન લાઇન કોઇ સરકારી પડતર જમીન અથવા સરકારી ખરાબાની જમીન અથવા કોઇપણ સરકારી/સ્થાનિક સંસ્થાઓની જમીનમાંથી પસાર થતી હોય તો, તમામ ટ્રાન્સમિશન કંપની / ટ્રાન્સમિશન લાયસન્સીઓએ, ટ્રાન્સમિશન ટાવર/માળખું ઉભું કરતી વખતે, આવી જમીન(ટાવરના ચાર પાયા વચ્ચેના ભાગની જમીન)નો વપરાશ કરવાના કારણોસર, ગુજરાત પાણી અને ગેસ પાઇપલાઇન્સ (જમીનમાં વપરાશકર્તાના હક્ક સંપાદન) અધિનિયમ, ૨૦૦૦ની કલમ-૧૦(૪)ની જોગવાઇઓને આધિન, જમીનના ભાગના મૂલ્યની બજાર કિંમતના દસ ટકા લેખે થતી રકમ, સરકારશ્રીમાં લાગુ પડતાં સદરે ચલણથી જમા કરાવવાની રહેશે.

(૮) જો ટ્રાન્સમિશન લાઇન કોઇ સરકારી પડતર જમીન અથવા સરકારી ખરાબાની જમીન અથવા કોઇપણ સરકારી/સ્થાનિક સંસ્થાઓની જમીનમાંથી પસાર થતી હોય તો, જમીનના કબ્જેદાર/ભોગવટેદારને કોઇ નુકશાન પેટે વળતર મળવાપાત્ર ઠરશે નહિ.

(૯) કોઇપણ સંજોગોમાં, જમીન માલિક/ખેડૂતમિત્રને તેની જમીન/પાક/ઝાડ/ફળાવના નુકશાન પેટે એક જ વખત વળતર મળવાપાત્ર રહેશે.

૩. રાજ્યમાં, ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિ.(સ્ટેટ ટ્રાન્સમિશન યુટિલીટી) કે સેન્ટ્રલ ટ્રાન્સમિશન યુટિલિટી કે વિવિધ ખાનગી ટ્રાન્સમિશન કંપની અથવા ટ્રાન્સમિશન લાયસન્સી દ્વારા ચૂકવવાના થતાં વળતરની ચૂકવણી અંગેનો ખર્ચ જે તે સંસ્થાએ તેના પોતાના સ્વભંડોળમાંથી મેળવવાનો રહેશે અને તે માટે રાજ્ય સરકાર તરફથી કોઇ અનુદાન/સહાય મળવાપાત્ર થશે નહિ.

૪. ઉક્ત ઠરાવ અંતર્ગત, તમામ ટ્રાન્સમિશન લાયસન્સીએ, વિદ્યુત અધિનિયમ, ૨૦૦૩ અને ભારતીય ટેલિગ્રાફ એક્ટ, ૧૮૮૫ની જોગવાઇઓ તથા તેમાં થતી વખતોવખતની સુધારા જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

૫. આ ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખથી અમલી બનશે.

૬. ઉક્ત ઠરાવ નાણા વિભાગની તા.૨૮.૦૭.૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. એચ. ચોરેરા)
ખાસ ફરજ પરના અધિકારી
ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

**નકલ જાણ તેમજ જરૂરી કાર્યવાહી અર્થે રવાના પ્રતિ:-**

- નામ. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (ઉર્જા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા. ક. મંત્રીશ્રી (ઉર્જા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ઊર્જા મંત્રાલય, ભારત સરકાર, નવી દિલ્હી.(પત્ર દ્વારા).
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત રહસ્ય સચિવશ્રી, ઉ. પે. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય વિદ્યુત નિરિક્ષકશ્રી, મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રીની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ., વડોદરા.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિ., વડોદરા.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લિ.,વડોદરા.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લિ., વડોદરા.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ., રાજકોટ.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લિ., મહેસાણા.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ., સુરત.
- સચિવશ્રી, ગુજરાત વિજ નિયમન આયોગ, ગીફ્ટ સીટી, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ઇન્ડસ્ટ્રી પાવર કંપની લિ. વડોદરા.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, પાવર ગ્રીડ કોર્પોરેશન લિ., વડોદરા.
- ડિરેક્ટરશ્રી, ટોરેન્ટ પાવર લિ., અમદાવાદ.
- સચિવાલયના સર્વે વિભાગો, ગાંધીનગર.
- ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની સર્વે શાખાઓ, સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઈલ.

# પરિશિષ્ટ - અ

## પહોંચ અને બાહેધરી પત્રક

તા: ____________

હું નીચે સહી કરનાર ________________________________________________
રહેવાસી, મુકામ __________, તાલુકો__________, જીલ્લો ____________ આ
સાથે સ્વીકારું છુ કે __________________________________________દ્વારા હાથ
ધરાયેલ ____________________________________________________
વીજલાઇન ના કામ માટે સર્વે નંબર ________________ માં આવતા ડી.પી. / પોલ
/વીજ રેષાઓ/ ટાવર નંબર ____________ થી ____________ માટેના
ટાવર ફાઉન્ડેશન / ટાવર ઈરેકશન / સ્ટ્રિંગિંગ નું કામ કરતી વખતે ભારત સરકાર ના
માર્ગદર્શન પ્રમાણે અને ગુજરાત સરકાર દ્વારા પ્રસિદ્ધ થયેલ
ઠરાવ ક્રમાંક: જીઇટી-૧૧-૨૦૧૫-જીઓઆઇ-૧૯૯-ક તા:૧૪.૦૮.૨૦૧૭ મુજબ નુકસાની ના
વળતર પેટે રૂ.______________ (અંકે____________________________
______________________________________________________)
બેંક__________________________________ ના ડિમાન્ડ ડ્રાફ્ટ નંબર
____________________તા: ________________ દ્વારા મને મળેલ છે, જે મને
મંજૂર છે.

સહી કરનાર : __________________ રૂબરૂ:________________________

# પરિશિષ્ટ – બ

(વળતર ચૂકવવા બાબતનું સંમતિ પત્રક)

તા: ____________________

આથી અમો નીચે સહી કરનાર ખતેદારો લખી જણાવીએ છીએ કે મારા / અમારા ખેતર/ જમીનના સર્વે નંબર:-________________________________માંથી ____________________________________________________________________કંપનીની ____________________________________________________________________ લાઇન પસાર થતાં મારા / અમારા ખેતરના જમીન / પાક / ઝાડ / ફળ ને નુકશાન થયેલ તેનો પંચકેશ બનેલ છે. તો આ નુકશાન પામેલા જમીન / પાક / ઝાડ / ફળ ના વળતરના નાણા શ્રી/શ્રીમતિ__________________________________________________ ને મળે તો મને / અમોને કોઇ જાતનો વાંધો નથી જે બદલ હું / અમો આ સંમતિ પત્રક લખી આપીએ છીએ.

| ખાતેદારોના નામ ૭/૧૨ પ્રમાણે | સહી |
|---|---|
| ______________________________ | ____________________ |
| ______________________________ | ____________________ |
| ______________________________ | ____________________ |
| ______________________________ | ____________________ |
| ______________________________ | ____________________ |
| ______________________________ | ____________________ |
| ______________________________ | ____________________ |